**ધરમપુર રોડ પર માર્ગ-મકાન વિભાગે પ્રિ-પ્લાનિંગ વગર સિમેન્ટ રોડનું કામ શરૂ કરતાં અકસ્માતની વણઝાર**

# ઉબડ-ખાબડ રસ્તાથી રોજ ફસાતા વાહનો

**યોગ્ય** માટી પુરાણના અભાવે વાહન ફસાવાની રોજની ઘટનાના વિડીયો સોશ્યલ મીડિયામાં વાઇરલ

**બેચરને** જોડતા ડામર રોડ અને સિમેન્ટ રોડ વચ્ચે પુરાણ ન હોવાથી કારો ફસાઈ



વલસાડ : વલસાડમાં માર્ગ મકાન દ્વારા ધરમપુર રોડનું નવીનીકરણ ચાલી રહ્યું છે. તેમના દ્વારા આગોતરા આયોજન વિના આડેધડ રીતે આ નવીનીકરણનું કાર્ય થઈ રહ્યું છે. જેના કારણે વાહનચાલકોની હાલત બગડી ગઈ છે. વાહનો ગમે ત્યાં ફસાઈ રહ્યા છે. તેમજ વાહનોને નુકશાનીના વિડીયો રોજ-બરોજ સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે.

વલસાડ માર્ગ મકાન વિભાગે નવા ઓવરબ્રિજ નીચેના માર્ગને સિમેન્ટ કોંક્રિટનો બનાવવાનું કાર્ય હાથ ધર્યું છે. આ કાર્ય આગોતરા આયોજન વિના હાથ ધર્યું હતું. જેના કારણે એક સિંગલ પટ્ટી રોડ પરથી અવર જવર કરતા વાહનો એક સાથે પસાર થઈ શકતા નથી. જેના કારણે વલસાડ તરફ આવતા વાહનો રોડની નીચે ઉતરી ઉબડ-ખાબડવાળી જગ્યામાંથી આવી રહ્યા છે. જેના કારણે વાહનચાલકોની મુશ્કેલી વધી છે. પહેલાં એ જગ્યાને યોગ્ય રીતે લેવલ કરી ત્યાં હંગામી ધોરણે રોડ બનાવાતે તો કાર્ય સરળ બની શકતે, પરંતુ માર્ગ મકાન વિભાગે તેની તકેદારી રાખી ન હતી. તેમજ તેમના દ્વારા ધરમપુર રોડ અને ખાસ કરીને બેચરને જોડતા ડામર રોડ અને સિમેન્ટના રોડ વચ્ચે યોગ્ય પુરાણ કરાયું નથી. જેના કારણે રોજબરોજ અહીં અનેક વાહનો ફસાઈ રહ્યા છે. જેમાં વાહનોને ખાસ કરીને કારને નુકશાની થઈ રહી હોવાના વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યા છે. ત્યારે આ સંદર્ભે માર્ગ મકાન વિભાગ સજાગતા રાખે એ જરૂરી બન્યું છે.

### બેચર રોડ પર પણ ટ્રાફિક જામથી લોકો પરેશાન

વલસાડ ધરમપુર રોડને જોડતા બેચર રોડ પર પણ સિમેન્ટ કોંક્રિટના રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. અહીં પણ આડેધડ થઇ રહેલા કાર્યના કારણે રોજ બરોજ અહીં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઇ છે. આ રોડના નવીનીકરણ દરમિયાન ભારે વાહનોની અવર જવર પર રોક નહીં લગાવાતા અહીં 500 મીટરનું અંતર કાપતા 15 થી 20 મિનિટનો સમય નિકળી જતો હોય છે. જેને લઇ વાહન ચાલકો પરેશાન થઇ ગયા છે.

## માંડવા નજીક કન્ટેનર ચાલકે મહિલાને કચડી નાખી

વલસાડ : નાનાપોંઢા કપરાડા માર્ગ ઉપર માંડવા ભીલી ફળિયા નજીક કન્ટેનર ચાલકે માર્ગ ઉપરથી પગપાળા જઈ રહેલી મહિલાને અડફેટે લીધી હતી અને ઈજાગ્રસ્ત બની હતી. જેને સારવાર માટે લઈ જતા ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કરી હતી. આ ઘટનામાં કન્ટેનર પણ પલટી ખાઈ ગયું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, માંડવા ભીલી ફળિયા નજીકથી પસાર થતી મહિલા લીલાબેન ઘુટિયા (રહે.માંડવા) નજીકની હોટલમાં વાસણ પાણીનું કામ કરતા હતાં. તેઓ માર્ગ ઉપરથી પસાર થતા દરમિયાન કન્ટેનર નંબર ડી ડી.01.એ.9469ના ચાલકે અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી. જેને સારવાર માટે પ્રથમ નાનાપોંઢા ત્યાર બાદ રાજચંદ્ર હોસ્પિટલ લઈ જતા ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કર્યા હતાં. ઘટના અંગે મૃતકના પતિ જમુભાઈએ કન્ટેનર ચાલક મહિમા પ્રસાદ મિશ્રા સામે કપરાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## નવસારી મનપાની ચૂંટણીમાં મતદાર સ્લીપ મુદ્દે વિવાદ

**ખોટા** ફોટાને લીધે મતદારોમાં ગેરસમજ ફેલાઈ હોવાનો આક્ષેપ

**જાહેર** માફી અને લેખિત જવાબ ન મળ્યે, કોર્ટના પગલાં ભરવાની ચીમકી

નવસારી : નવસારી મહાનગરપાલિકાની વોર્ડ નં. 13ની ચૂંટણી બાદ મતદાર સ્લીપને લઈને વિવાદ સામે આવ્યો છે. ભાજપના મહિલા ઉમેદવારની સ્લીપમાં અન્ય મહિલા કાર્યકર મીનલબેન ભરવાડનો ફોટો છપાયો હોવાના આક્ષેપ સાથે કાનૂની નોટિસ પાઠવવામાં આવી છે.

જમાલપોરના રહેવાસી અને ગૌરક્ષક સાજન ભરવાડની પત્ની મીનલબેન ભરવાડે એડવોકેટ પરેશકુમાર એમ. વાટવેચા મારફતે ભાજપના પ્રદેશ પ્રમુખ, જિલ્લા અને શહેર પ્રમુખ, સ્થાનિક ધારાસભ્ય તેમજ વોર્ડ નં. 13ના વિજેતા ઉમેદવારને નોટિસ પાઠવી છે.

નોટિસમાં જણાવાયું છે કે, તેમની મંજૂરી વિના ફોટાનો ઉપયોગ કરી મોટી સંખ્યામાં મતદાર સ્લીપો વહેંચવામાં આવી હતી, જેના કારણે મતદારોમાં ગેરસમજ ફેલાઈ અને તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું છે.

નોટિસ મારફતે જાહેર માફી, સ્પષ્ટતા અને ભવિષ્યમાં ફોટાનો ઉપયોગ નહીં કરવાની માંગ કરવામાં આવી છે. યોગ્ય જવાબ નહીં મળે તો કાયદેસરની કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

## વાપી મનપાના હોદ્દેદારો માટે આગામી ૨૮મી મેના રોજ ચૂંટણી યોજાશે

**સોમવારે** એજન્ડા બહાર પડે તેવી શક્યતા તે પહેલા મ્યુન્સિપલ કમિશનર કાર્યભાર સંભાળશે

વાપી :વાપી મહાનગરપાલિકાના પહેલા મેયરની ચૂંટણી ૨૮ મેના ગુરુવારે થશે. ગુજરાતની મહાનગરપાલિકાના મેયર સહિતના હોદ્દેદારોની ચૂંટણી માટે જાહેર થયેલી તારીખમાં વાપી મનપાના પહેલા મેયરની ચૂંટણી ૨૮ મેના રોજ થશે. તેના માટે સોમ અથવા મંગળવારે એજન્ડા બહાર પડે તેવી શક્યતા છે. મનપાના એજન્ડા બહાર પડ્યાના ત્રણ દિવસમાં સામાન્ય સભા બોલાવવાની હોય છે. આમ મે મહિનાના છેલ્લા સપ્તાહમાં વાપીને તેના પહેલા મેયર મળી જશે.

આમ હવે આ સપ્તાહના અંત સુધીમાં નવા મ્યુન્સિપલ કમિશનર એન.એફ.ચૌધરી ચાર્જ સંભાળી લે તેવી શક્યતા છે. એ શુક્રવારે ચાર્જ સંભાળે તેવી હાલ શક્યતા દેખાઈ રહી છે. તેમના આવ્યા બાદ જ ૨૮ તારીખે મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન, શાસક પક્ષના નેતા, દંડક તેમજ વિપક્ષના નેતા જેવા પદ માટે ચૂંટણી યોજાશે. જોકે વાપી મનપામાં ભાજપને પૂર્ણ બહુમત હોવાથી હોદ્દેદારોની વરણી જ થશે. ભાજપના મોવડી મંડળ તરફથી જે કોઈના નામનું મેન્ડેટ આવશે તે હોદ્દો સંભાળશે. આ ચૂંટણીમાં એક બિનહરીફ સહિત ભાજપના ૩૭ કોર્પોરેટર ચૂંટાયા છે. જ્યારે ૪ અપક્ષ તેમજ ૧૧ કોંગ્રેસના કોર્પોરેટર છે. હવે હોદ્દેદારોની નિમણૂંક બાદ વાપી મનપામાં વિકાસના કામનો ધમધમાટ શરૂ થશે.

## લક્ઝરીમાં કેરીના બોક્સમાં દારૂ લઈ જતી મહિલા સહિત 4 ઝડપાયા

**પારડી** પોલીસે લક્ઝરી બસ, દારૂના જથ્થા સહિત કુલ રૂપિયા 22.84 લાખનો મુદ્દામાલ કબજે કર્યો



અમૃત પટેલ

પારડી : પારડી પોલીસે નેશનલ હાઈવે પર ચેકિંગ દરમિયાન લક્ઝરી બસમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

પારડી પોલીસ સ્ટેશનના પો.સબ ઈન્સ્પેક્ટર જે.એચ. શાહ તથા સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે, લક્ઝરી બસ નંબર MP-09-AX-5522માં પાર્સલોના બહાને ગેરકાયદે રીતે ઈંગ્લિશ દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ લક્ઝરી બસ આવતા રોકાવી તપાસ હાથ ધરી હતી. દરમિયાન બસની ડીક્કીમાંથી પ્લાસ્ટિકના કોથળામાં ભરેલા પાર્સલો મળી આવ્યા હતાં. પાર્સલો ખોલી જોતા તેમાં ઈંગ્લિશ દારૂની બોટલો મળી આવી હતી. પૂછપરછ દરમિયાન બસ સ્ટાફે જણાવ્યું હતું કે, વાપી APMC માર્કેટ નજીક એક રિક્ષાચાલક દ્વારા મહિલા સવીતાદેવી મેદની રાય (રહે. અંકલેશ્વર, મૂળ બિહાર) સાથે મળીને આ પાર્સલો બસમાં મુકવામાં આવ્યા હતા અને તે બદલ રૂપિયા 9 હજાર ભાડું નક્કી કરાયું હતું. જ્યારે બસ ડ્રાઈવર કિરીટ ટેલર, ક્લીનર પૃથ્વીસિંહ ઉર્ફે પ્રતાપસિંહ રાઠોડ તથા અન્ય ડ્રાઈવર ગજેન્દ્રસિંહ ચૌહાણની પણ પોલીસે અટકાયત કરી હતી. પોલીસે બસમાંથી કુલ 18 બોક્સમાં ભરેલી 864 નંગ ઈંગ્લિશ દારૂની બોટલો ઝડપી પાડી હતી, જેની કિંમત રૂપિયા 2.68 લાખ જેટલી થાય છે. ઉપરાંત દારૂ હેરાફેરીમાં વપરાયેલી લક્ઝરી બસ કિંમત રૂપિયા 20 લાખ કબજે કરી હતી. સવીતાદેવીએ જણાવ્યું હતું કે, તે સુરતથી બોરીવલી દારૂ લેવા ગઈ હતી, પરંતુ ત્યાં દારૂ ન મળતા તેના ઓળખીતાં સુરજ નામના વ્યક્તિએ સેલવાસથી દારૂ મંગાવી વાપી APMC માર્કેટ પાસે પહોંચાડ્યો હતો. ત્યારબાદ બસની ડીક્કીમાં પાર્સલો મુકીને તે અંકલેશ્વર ખાતે છૂટક વેચાણ માટે લઈ જતી હતી. પોલીસ તપાસમાં બસના ડ્રાઈવર અને ક્લીનરે પણ દારૂના પાર્સલો બસમાં રાખવા બદલ મળનાર ભાડાની રકમ સરખા ભાગે વહેંચી લેવાની કબૂલાત કરી હોવાનું જાણવા મળ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપી ડુંગરામાં જૂની અદાવતમાં 3 ઈસમે પરિવારને માર માર્યો

વાપી: વાપી ડુંગરામાં જૂની અદાવતમાં 3 ઈસમે પરિવારના સભ્યોને માર માર્યો હતો. વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ વાપી નજીકના ડુંગરા, પીરમોરા ભાનુપ્રકાશ એપાર્ટમેન્ટમાં રહેતા અને સ્ક્રેપની દુકાન ચલાવતા મુનીર ખાન જબ્બાર ખાન (ઉં.વ.49)ને સાળા કાશીમે ફોન કરી જણાવ્યું કે, અર્શદ સાથે અગાઉ થયેલ ઝઘડા બાબતે તેઓ બ્રહ્મદેવ મંદિર સામે આવવાનું કહ્યું હતું. જેથી તેઓ પુત્ર સાથે ત્યાં પહોંચ્યા ત્યારે મિતેશ (રહે., છરવાડા) અર્શદ (રહે., ડુંગરા) અને સમીર ભેગા મળી કાશીમને ઢીક્કામુક્કીનો માર મારતા હતાં. જેથી તેઓને છોડાવવા પિતા-પુત્ર ગયા તો તેઓને પણ માર્યા હતાં. સમીરે બાઈકની ચાવી વડે પુત્રને મારતા માથાના ભાગેથી લોહી નીકળ્યું હતું. જયારે પત્ની અને પુત્રી પણ છોડાવવા આવતા તેઓને પણ માર્યા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ મુનીર ખાને વાપી ડુંગરા પોલીસમથકમાં કરી હતી.

### લગ્નનાં ઈરાદે વણીથી ભાગી આવેલા યુવક-યુવતી સાપુતારામાં ઝડપાયા

સાપુતારાઃ સાપુતારા પોલીસ ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગની કામગીરી હાથ ધરી હતી ત્યારે દરમિયાન મહારાષ્ટ્ર તરફથી ગુજરાત તરફ આવતી એક હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ (નં. MH 15 JE 3848)ને અટકાવી તપાસ કરવામાં આવી હતી. આ મોટરસાઈકલ પર એક યુવક, એક અન્ય ઇસમ તથા એક યુવતી સવાર હતા. પૂછપરછ દરમિયાન શંકા જતાં તમામને વધુ તપાસ માટે સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા. પૂછપરછમાં સામે આવ્યું હતું કે યુવક લગ્ન કરવાના ઇરાદાથી યુવતીને તેના વાલીપણામાંથી ભગાડી લાવ્યો હતો. આ અંગે મહારાષ્ટ્ર રાજ્યના નાસિક જિલ્લાના વણી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. ત્યાર બાદ આ યુવતિનું તેના પરિવાર સાથે મિલન કરાવી યુવક તથા યુવતિનો કબજો વણી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.

### બરૂમાળથી ગાંજાના જથ્થા સાથે યુવાન ઝડપાયો



આસીફ શેખ

ધરમપુર : વલસાડ એસ.ઓ.જી. ટીમ દ્વારા ધરમપુર તાલુકાના બરૂમાળ ગામમાં મહિલા દુધ ઉત્પાદક મંડળી સામે આવેલા ત્રણ રસ્તા નજીક દરોડા પાડી એક યુવાનને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ શેરીમાળ ગામના ઉપલુ ફળિયામાં રહેતા ૨૪ વર્ષીય નિકુંજ ગરાસીયા (ધંધો-સલુન)ને ગેરકાયદે રીતે ગાંજો રાખવાના ગુનામાં ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે તેની પાસેથી અંદાજિત ૦.૪૭૨ કિલોગ્રામ ગાંજા સાથે એક મોટર સાયકલ, મોબાઇલ ફોન તેમજ અન્ય વસ્તુઓ મળી કુલ રૂપિયા ૫૩,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક તપાસમાં ગાંજાનો જથ્થો મહારાષ્ટ્ર રાજ્યના નાશિક જિલ્લાના સુરગાણા તાલુકાના શીવપાડા ગામના વિષ્ણુ સોનુ ગાયકવાડ પાસેથી મેળવ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેને વોન્ટેડ બતાવ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી વલસાડ એસ.ઓ.જી.ના પોલીસ સબ ઇન્સ્પેક્ટર સંદીપ રમેશચંદ્ર સુસલાદેની દેખરેખ હેઠળ કરવામાં આવી હતી.

### ઉમરગામના પળગામના યુવાનની લાશ તલાસરીમાંથી મળતા ચકચાર

ઉમરગામ : ઉમરગામ તાલુકાના પળગામ ગામના એક યુવાનની લાશ ઉમરગામને અડીને આવેલા મહારાષ્ટ્રના તલાસરી વિસ્તારમાંથી શંકાસ્પદ લોહી લુહાણ હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ તાલુકાના પળગામ અગરમોરા ફળિયામાં રહેતા ઈતનેશ રાજનભાઈ માછી (ઉં.વ 33)ની લાશ તલાસરી પોલીસ સ્ટેશન હદ વિસ્તારના નજીકના એક ગામમાંથી બુધવારે મળતા તલાસરી પોલીસે મૃતક યુવાનના આધારકાર્ડના આધારે ઓળખ કરી બપોરે ઉમરગામ પોલીસને જાણ કરતા પોલીસે મૃતક યુવાનના પરિવારને જાણ કરતા પરિવારજનો તલાસરી પહોંચ્યા હતા. આ યુવાનની લાશ ખુલ્લી જગ્યામાંથી લોહી લુહાણ હાલતમાં પડેલી જોવા મળી હતી. અને ઈજાના નિશાન પણ દેખાતા હોય આ યુવાનની હત્યા કરી લાશ ફેંકી દેવામાં આવી હોવાની આશંકા સેવાઈ રહી છે. યુવાન ગઈકાલે મંગળવારે પોતાની મો.સાઈકલ લઈને ઘરેથી નીકળ્યો હતો હાલ તલાસરી પોલીસે લાશનુ પીએમ કરાવ્યું છે અને વધુ તપાસ હાથ ધરી છે.

### વાપીમાં દુષ્કર્મ કરનારના આગોતરા જામીન નામંજૂર

વલસાડઃ વાપીના એક વિસ્તારમાં રહેતી 22 વર્ષની યુવતીની 50 વર્ષીય પ્રશાંત વિજય અગ્રવાલ સાથે ઓળખાણ થઇ હતી. ત્યારબાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. બંને જણા સેલવાસ અને અન્ય સ્થળે પ્રવાસે ગયા અને રિસોર્ટમાં રહ્યા હતાં. જ્યાં બંને વચ્ચે શરીર સંબંધ બંધાયો હતો. જોકે, ત્યારબાદ યુવતીને જાણ થઇ કે, પ્રશાંત અગ્રવાલ પરણિત છે. પ્રશાંતે તેની સાથે લગ્નનો વાયદો કરી લગ્ન ન કરતાં યુવતીએ આ સંદર્ભે વાપીના ડુંગરા પોલીસ મથકે ફરિયાદ કરી હતી. આ કેસમાં પોલીસ ધરપકડથી બચવા આરોપીએ વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં અરજી કરી હતી. જેની સુનાવણી હાથ ધરાતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એચ. એન. વકીલે આરોપીના આગોતરા જામીન નામંજૂર કર્યા છે.

### પત્નીના મોત બાદ માનસિક તણાવમાં યુવકે આપઘાત કર્યો

ધરમપુરઃ ધરમપુરના ઉક્તા ગામના ધામનમાળ ફળિયામાં રહેતા યુવકે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. સચિનભાઇ ભાયલુભાઇ નેવળ (ઉં.આ.૨૮)એ મંગળવારે સાંજે પોતાના ઘરે રૂમમાં નાયલોનની દોરી વડે લાકડાના ભારટ સાથે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, સચિનભાઇની પત્ની આશરે દોઢ મહિના અગાઉ ઝેરી દવા પી જતાં મૃત્યુ પામી હતી. પત્નીના અવસાન બાદ સચિનભાઇ ભારે માનસિક તણાવ અને એકલતા અનુભવતા હતા. આ જ માનસિક વ્યથાના કારણે તેમણે આ પગલું ભર્યું હોવાની ચર્ચા ચાલી રહી છે.

## નવસારી મનપાની પ્રથમ સામાન્ય સભા ૨૬ મેના રોજ

**મેયર**, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીની રચનાને લઈને રાજકીય હલચલ તેજ

નવસારી : નવસારી મહાનગરપાલિકાની પ્રથમ સામાન્ય સભા આગામી મંગળવાર, તા. ૨૬ મે ૨૦૨૬ના રોજ સવારે યોજાશે. મનપા કમિશનર દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર એજન્ડા બાદ શહેરના રાજકીય વર્તુળોમાં હલચલ તેજ બની છે.

આ બેઠકમાં મહાનગરપાલિકાના પ્રથમ મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી હાથ ધરાશે. રોસ્ટર મુજબ આ વખતનું મેયરપદ “જનરલ” કેટેગરી માટે અનામત રાખવામાં આવ્યું છે. તેથી ચૂંટાયેલા કાઉન્સિલરોમાંથી જ મેયરની પસંદગી કરવામાં આવશે. આ સાથે મનપાની સ્ટેન્ડિંગ કમિટિના ૧૨ સભ્યો તથા ટ્રાન્સપોર્ટ કમિટિના ૮ સભ્યોની નિમણૂક પણ આ જ બેઠકમાં કરવામાં આવશે. મનપાના નાણાકીય અને વહીવટી નિર્ણયો માટે સ્ટેન્ડિંગ કમિટિ મહત્વપૂર્ણ માનવામાં આવતી હોવાથી તેના સભ્યોની પસંદગી પર પણ સૌની નજર છે.

મનપા તંત્ર દ્વારા ઉમેદવારી પ્રક્રિયા અંગે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. મેયર અને ડેપ્યુટી મેયર પદ માટે ઉમેદવારી ફોર્મ તા. ૨૫ મે સુધી મ્યુનિસિપલ સેક્રેટરી કચેરીમાંથી મેળવવાના રહેશે.

સભાના દિવસે પ્રેસાઇડિંગ ઓફિસર દ્વારા ચૂંટણી પ્રક્રિયાની જાહેરાત થયા બાદ ૧૫ મિનિટની અંદર ઉમેદવારીપત્રો રજૂ કરવાના રહેશે. જ્યારે સ્ટેન્ડિંગ કમિટિના સભ્યો માટેના ઉમેદવારીપત્રો પણ તા. ૨૫ મેના રોજ સાંજે ૫ વાગ્યા સુધીમાં જમા કરાવવા સૂચના આપવામાં આવી છે. મનપા કમિશનરના સત્તાવાર પત્ર સાથે હવે પ્રથમ સામાન્ય સભા માટેની વહીવટી તૈયારીઓને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હોવાનું મનપા સૂત્રોએ જણાવ્યું છે.

## બલીઠાથી કોપર વાયર ચોરી કરનારા બેને આરપીએફે ઝડપી પાડ્યા

**વાયરો** 13,200માં ભંગારની દુકાનમાં વેચી નાંખ્યા, દુકાનદાની અટક, એક વોન્ટેડ

વાપીઃ વાપી નજીકના બલીઠા ફાટક પાસે રેલવે રીલે રૂમનું તાળુ તોડી તસ્કરો કોપર વાયર ચોરી કરી ગયા હતા. આ પ્રકરણમાં આરપીએફે બલીઠા ફાટક પાસેથી બે ઈસમોને રોકી પૂછતાછ કરતાં કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. નામઠામ પૂછતા અમિત ચૌહાણ (ઉં.વ.29), હિતેન્દ્રસિંહ રાણા (ઉં.વ.36, બંને રહે. માધવ રેસિડન્સી, બલીઠા ફાટક) હોવાનું જણાવ્યું હતું. પોલીસે વધુ પૂછતા કરતાં તેઓએ તેમના સાથી અજીત સાથે મળી બલીઠા ફાટક પાસે, રેલવે રીલે રૂમનું તાળું તોડી બીઆરસી કોપર સ્ટ્રીપ અને કોપર વાયર ચોરી કર્યા હતા. આ ચોરી કરેલા કોપર વાયર તેઓએ અજીત દ્વારા લવાયેલી બાઈક પર લઈ ગયા હતા અને તે બલીઠા સ્થિત વિજયકુમાર ગુપ્તાની ભંગારવાળાની દુકાને રૂ.13,200માં વેચી લીધા હતા અને તમામે સરખે હિસ્સે રકમ વહેંચી લીધી હતી.

પોલીસ ટીમ દ્વારા પકડાયેલ ઈસમોને સાથે રાખી બલીઠા સ્થિત ભંગારવાળા વિજયકુમાર રામલોચન ગુપ્તા (ઉં.વ.34, મૂળ રહે., યુપી) ની દુકાને પહોંચ્યા હતા અને ચોરીનો ખરીદેલો કોપર વાયર જપ્ત કર્યો હતો અને તેની અટક કરી હતી. ત્યારબાદ પોલીસ ટીમ અજીતના ઘરે ડુંગરા પહોંચી હતી ત્યારે અજીત ઘરે ન હતો. પોલીસ ટીમે અજીતને વોન્ટેડ બતાવ્યો હતો.

**વાલ્વ બદલવાની કામગીરી દરમિયાન જેસીબી અથડાતાં લાઇન તૂટી**

## નવસારીમાં લાઈન ફાટતા રસ્તા પર પાણીના ફુવારા ઊડ્યા

**કન્યાશાળા** નજીક જેસીબીના ખોદકામ દરમિયાન પાઈપલાઈનમાં સર્જાયું મોટું ભંગાણ

**ઉનાળાની** કાળઝાળ વચ્ચે હજારો લિટર પીવાનું પાણી વેડફાયું, પાણી કાપની આશંકા

નવસારી : નવસારી શહેરના કારવાડ વિસ્તારમાં આવેલી રૈન બસેરા કન્યાશાળા નં. ૪ નજીક આજે પાલિકાની મુખ્ય પાણી લાઈન અચાનક ફાટી નીકળતાં વિસ્તારમાં ભારે હલચલ મચી ગઈ હતી. મહાનગરપાલિકા દ્વારા પાણીની લાઈનમાં વાલ્વ બદલવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે ખોદકામ કરતી જેસીબી મશીનનો ભાગ મુખ્ય પાઈપલાઈન સાથે અથડાયો હતો.

આ અથડામણ બાદ હાઈપ્રેશર પાણી લાઈનમાં મોટું ભંગાણ સર્જાતા રસ્તા પર પાણીના જોરદાર ફુવારા ઉડવા લાગ્યા હતા. થોડા જ ક્ષણોમાં સમગ્ર રસ્તો પાણીથી છલકાઈ ગયો હતો. ઉનાળાની ગરમી વચ્ચે પાણીના ઊંચા ધોધ જેવું દૃશ્ય સર્જાતા સ્થાનિક લોકો મોટી સંખ્યામાં સ્થળ પર એકત્ર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા જ મહાનગરપાલિકાની ટેક્નિકલ ટીમ અને અધિકારીઓ દોડી આવ્યા હતા.

તાત્કાલિક પાણી પુરવઠો બંધ કરી તૂટી ગયેલી લાઈનનું સમારકામ શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, આ ઘટનામાં મોટી માત્રામાં પીવાનું પાણી વેડફાયું હોવાનું સામે આવ્યું છે.

લાઈન તૂટી જતાં કારવાડ સહિત આસપાસના વિસ્તારોમાં પાણી પુરવઠા પર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિકોમાં કામ દરમિયાન રાખવામાં આવેલી સાવચેતી અંગે પણ સવાલો ઊભા થયા છે.

## બિસ્માર રસ્તા પર પિકઅપ પલટતા ચાલક સહિત ૬ ઈજાગ્રસ્ત

**કપરાડાના** ચેપા નજીક ચેપા-નીલોસી માર્ગની બદહાલીને કારણે વધુ એક અકસ્માત

**3** લોકોની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર માટે રીફર કરાયા



વલસાડ : કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ચેપા ઘાટાળી ફળિયા નજીક બિસ્માર રસ્તાના કારણે એક મહિન્દ્રા પિકઅપ ગાડી માર્ગની બાજુમાં પલટી ખાઈ જતાં ચાલક સહિત ૬ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. અકસ્માત એટલો જોરદાર હતો કે ગાડી પલટી મારતાં જ તેમાં બેસેલા લોકો દૂર સુધી ફેંકાયા હતા.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ચેપાથી નીલોસી જતો આશરે ૨ કિલોમીટરનો માર્ગ લાંબા સમયથી અત્યંત બિસ્માર અને પથરાળ છે, જેના કારણે અહીં અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે. બુધવારે બપોરે આ માર્ગ પરથી પસાર થઈ રહેલી એક પિકઅપ ગાડીના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી ધડાકાભેર પલટી ખાઈ ગઈ હતી. સદનસીબે ગાડી વધુ પલટી ન મારતાં મોટી જાનહાનિ ટળી હતી. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ જ કપરાડા તાલુકામાં પિકઅપ પલટી જતાં ૭ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા.

ઘટના બનતા જ સ્થાનિક લોકોએ દોડી આવી તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક કપરાડા સીએચસી (CHC) ખાતે ખસેડ્યા હતા. જ્યાંથી ત્રણ મુસાફરોની હાલત અત્યંત ગંભીર જણાતાં તેમને વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે.

અકસ્માતની જાણ થતાં જ તાલુકા કોંગ્રેસ સંગઠન પ્રમુખ અરવિંદ કોતી અને માજી જિલ્લા પંચાયત સભ્ય ચંદર ગાયકવાડ તાત્કાલિક હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે ઈજાગ્રસ્તોના પરિવારજનો અને તબીબો સાથે મુલાકાત કરી દર્દીઓને ઝડપી અને યોગ્ય તબીબી સુવિધા મળી રહે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

### ઇજાગ્રસ્તોના નામો

નીતા વાઘ (ઉ. વ.14), નીલમ વાઘ (ઉ. વ.16), હેતલ વાઘ (ઉ. વ.18), વનિતા વાઘ (ઉ. વ.40), લાહનું કીરકરા (ઉ. વ.32) અને વિજયભાઈ

## નવસારીમાં વકીલની માતાનો મોબાઈલ ગુમ

નવસારી : નવસારીના કાલીયાવાડી વિસ્તારમાં રહેતા એક વકીલની માતાનો આશરે રૂ.૩૦ હજાર કિંમતનો મોબાઈલ ફોન ગુમ થઈ જતાં ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નોંધ દાખલ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કાલીયાવાડી સ્થિત “મા” રો-હાઉસમાં રહેતા આશુતોષપુરી નારાયણપુરી ગોસ્વામી (ઉ.વ.૩૧), વ્યવસાયે વકીલ, દ્વારા ટાઉન પોલીસ સ્ટેશનમાં અરજી આપવામાં આવી હતી. તેમની માતા રીતાબેન ગોસ્વામી તા.૧૯ મે ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૮:૩૦ વાગ્યાના સમયે પોતાના TVS જ્યુપિટર મોપેડ નંબર GJ-21-DB-4281 લઈને જુનાથાણા સ્થિત શનિદેવ મંદિરે દર્શન માટે ગયા હતા. આ દરમિયાન રસ્તામાં ક્યાંક તેમનો “ઓપો રેનો 15 5G” મોબાઈલ ફોન પડી જતાં ગુમ થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. મોબાઈલની અંદાજિત કિંમત રૂ.૩૦ હજાર હોવાનું જણાવાયું છે. પરિવાર દ્વારા અનેક જગ્યાએ શોધખોળ કરવામાં આવી હોવા છતાં મોબાઈલ મળી આવ્યો ન હતો. આ અંગે ઓનલાઈન ઈ-એફઆઈઆર નોંધાવ્યા બાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની જાણવાજોગ નોંધ દાખલ કરવામાં આવી છે. સમગ્ર મામલે આગળની તપાસ ચારપુલ ચોકીના હેડ કોન્સ્ટેબલને સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.